એકમ 3 : ભારતભૂમિ અને લોકો

ગત સદીના દેશ અને દુનિયાને પ્રભાવિત કરનાર સંજોગો કે ઘટનાક્રમથી આપણે પરિચિત થયા. દેશનો સ્વાધીનતા સંગ્રામ અને સ્વતંત્રતાની પ્રાપ્તિ એ ગતસદીની વિશ્વને સ્પર્શતી અત્યંત મહત્ત્વની ઘટનાઓમાં સ્થાન પામે છે. નવા સ્વતંત્ર થયેલા રાષ્ટ્ર સામેના પડકારોને સફળતાપૂર્વક પાર પાડીને આપણે વિકાસની નવી રાહ કંડારી છે. જવાબદાર રાજ્યતંત્ર, નાગરિક અધિકારો, મુક્ત ન્યાયતંત્ર વગેરે સહિત રાષ્ટ્રના નવનિર્માણ માટે આપણે સહુ પ્રતિબદ્ધ છીએ.

એકવીસમી સદીના બીજા દસકાના પૂર્ણ થવા તરફની આપણી આ વિકાસયાત્રા સ્વતંત્ર ભારતની સાડા છ દાયકા ઉપરાંતની મજલને અંતે એક સિંહાવલોકન કરતાં આપણને વિકાસનું આયોજન કરવામાં સુગમતા રહેશે.

કોઈ પણ ક્ષેત્ર કે દેશ માટે તેની કુદરતી સંપત્તિ તેનું સ્થાન ભવિષ્યની આર્થિક પ્રવૃત્તિઓની અને વિકાસની અસીમ સંભાવનાઓ માટેની પૃષ્ઠભૂમિ છે. આ સંદર્ભે આપણા દેશના ભૂપૃષ્ઠ, જળ-પરિવાહ, જૈવવૈવિધ્યનો અભ્યાસ અત્યંત રસપ્રદ બની રહેશે. દેશના ભાતીગળ લોકજીવનની ઝાંખી, ખાન-પાન, પહેરવેશ કે રીતરિવાજોની વિવિધતા વિશાળ રાષ્ટ્રની છબી તાદૃશ્ય કરે છે. તો વળી આપત્તિઓના પ્રબંધનની જાણકારીથી આપણે તેની અસરોની તીવ્રતાને ઘટાડી શકીશું.

•